


## સલામી સવારની..

*રાજકારણીઓ હોય છે શકુનિ, પાસા નાખે છે,*
*બહુમતિના જોરે એકમેકને જાસા નાખે છે,*
*સાંસા છે દેશપ્રેમના, પ્રજાપ્રેમ ને રાષ્ટ્ર ભક્તિના -*
*છતાં પણ, સત્તા ને પદની મોટી આશા રાખે છે...*

### હાઈકુ

*ભક્તો ના શ્રમે*
*ભાડાંની ભીડ જોઈ,*
*હર્ષ નાં આંસુ...!!*

*સાઈકલના,*
*સ્પેર પાર્ટસ્ થયા -*
*વેરવિખેર...*

## ચિંતન

*પ્રીતી બિરોધ સમાન સન કરિઅ નીતિ અસિ આહિ ।*
*જૌં મૃગપતિ બધ મેઢુકન્હિ ભલ કિ કહઈ કોઉ તાહિ ॥*

ઉપરોક્ત દોહો લંકાકાંડમાંથી લેવામાં આવેલ છે. પ્રીતિ તથા વૈર બરાબરીમાં કરવા જોઈએ, એવી નીતિ છે, સિંહ જો દેડકાને મારે તો શું તેને કોઈ સારૂં કહેશે?!

મૈત્રી-દુશ્મની-સંબંધો સમાન સ્તરના લોકો સાથે જ કરવાથી એ સારું લાગે અને યોગ્ય કહેવાય, લગ્ન સંબંધોમાં કુળ-જાતિ અને આર્થિક સ્તર જોવાનું આ જ કારણ છે. નબળાની સાથે દુશ્મની કરવામાં શોભા નહીં એને 'શોષણ' કહેવાય છે.

સિંહ, દેડકાંને મારી નાખે એમાં એની મોટાઈ - નથી.

## સુવિચાર

- એની યાદશક્તિ કમજોર હોવા છતાં એને કયારેય તકલીફ પડી નહોતી, કારણ કે એ હંમેશા સત્ય જ બોલતો હતો - **ચિત્રલેખા**
- આચારથી જ આયુષ્ય અને કીર્તિ વધે છે - **કૌટિલ્ય**
- સાચી મજાક મગજમાંથી નહીં, હૃદયમાંથી જન્મે છે - **થોમસ કાર્લાઈલ**
- દાન, દયા, સત્ય, ચારિત્ર્ય, શ્રદ્ધા, ત્યાગ અને તપ એ માનવજીવનની મૂડી છે - **બાઈબલ**
- પરમાત્માની શક્તિ અમર્યાદ છે, માત્ર આપણી શ્રદ્ધા જ અલ્પ હોય છે - **મહાવીર સ્વામી**
- પુસ્તકો સમયરૂપી સમુદ્રમાં બાંધવામાં આવેલ દીવાદાંડી સમાન છે - **જનકલ્યાણ**
- જેનો પ્રેમ સર્વોત્તમ એની પ્રાર્થના સર્વોત્તમ - **કોલેરીજ**
- આજનું ઔષધ : કેરીની ગોટલીના ચૂર્ણને તાજા પાણી સાથે લેવાથી હૃદયશૂળમાં રાહત થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

સુખ-દુઃખનું કારણ 'મન' છે તમે જાતે જ તમારી અપેક્ષાઓ-જરૂરિયાતો-વધારી ને પછી તે ફળીભૂત ન થતાં દુઃખી થાવ છો. અને કોઈ પણ જરૂરિયાત વિના 'સંતોષપૂર્વક' ઈશ્વર આપેલું જ પૂરતું છે અથવા ઈશ્વરની સૃષ્ટિનો 'માલિક' પણ હું જ છું. એવી ખૂમારીથી જીવતો માણસ 'સુખી' જ છે. મહાન સમ્રાટ જ છે.

સ્વામી રામતીર્થમાં સોસાયટીમાં ફરતા હતા. ત્યાં એક અમેરિકન લેડીની નજર તેમના પર પડી - ઉત્સુકતાથી બોલાવ્યા - આપ ભારતીય સાધુ છો? કયાં ઉતર્યા છો? રામતીર્થે જવાબ આપ્યો હા, હું ભારતીય સાધુ છું - ઉતર્યો કયાંય નથી - ફરતો રહું છું. સ્ત્રીએ વધારે સ્પષ્ટતા માટે પૂછ્યું - પણ તમે તમારાં બેડ-લગેજ તો કયાંક રાખ્યાં હશે ને ?

રામતીર્થ કહે આ થેલામાં એક કંબલ છે અને એક પાત્ર એ જ મારો સામાન છે.સ્ત્રી કહે - ભારતમાં તમે કયાં રહો છો અને શું કરો છો? રામતીર્થ કહે હું સમ્રાટોનો સમ્રાટ છું મારે કંઈ જ કરવાની જરૂર પડતી નથી. ... પણ તમે તો કહો છો મારી પાસે કંઈ જ સામાન નથી - તો 'સમ્રાટ' કેમ ?

રામતીર્થ જવાબ આપ્યો તમે ઘરની દરેક નાની-મોટી વસ્તુના ગુલામ છો હું બધી જ વસ્તુ વિના ચલાવી શકું છું કોઈની કંઈ જ ગુલામી નથી માટે જ હું સ્વતંત્ર અને સમ્રાટોનો પણ સમ્રાટ છું.

# પ્રાદેશિક મહારથીઓ : મોદી સામે મોટો પડકાર

પ્રાદેશિક સ્તરે સક્ષમ પુરવાર થયેલા રાજકીય પક્ષોના માથે પનોતી બેઠી હોય એવો માહોલ સરજાયો છે. રાષ્ટ્રીય સ્તરે જબરદસ્ત કાઠું કાઢ્યા પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશ આખામાં કેસરિયા પાર્ટીનું એકચક્રી શાસન સ્થાપવા કટિબદ્ધ થયા છે. અલબત્ત, એમાં હજી સુધી ધારી સફળતા નથી સાંપડી અને પ્રાદેશિક પાર્ટીઓ વિપરીત સંજોગોમાં પણ પ્રજામાં ભારે લોકચાહના ધરાવતી હોવાનાં પ્રમાણ મળતાં રહ્યાં છે. ઉત્તરપ્રદેશમાં કૌટુંબિક કમઠાણ છતાં હોવાનું તારણ નીકળ્યું છે.

એમની સામે ભારતીય જનતા પાર્ટીના મુખ્યમંત્રી પદના કહેવાતા દાવેદાર યોગી આદિત્યનાથની લોકસ્વીકૃતિ અત્યંત સીમિત છે. આજે ચૂંટણી થાય તો સૌથી વધુ બેઠકો પણ સમાજવાદી પાર્ટીને જ મળે, એવું તારણ જલદી ગળે ઉતરે એવું નથી, છતાં મીડિયાના સર્વેક્ષણકારો વૈજ્ઞાનિક ઢબે આવાં સર્વેક્ષણો કરતા હોવાનું પણ સુવિદિત છે. એક વાત નક્કી કે ભાજપ સત્તાની રેસમાં મજબૂતાઈપૂર્વક સામેલ છે અને સપાનું કમઠાણ ચાલ્યા જ કરશે તો પ્રજાના વિવિધ વર્ગોને અખિલેશ યાદવના નેતૃત્વમાં શ્રદ્ધા હોવા છતાં પાર્ટી પાસે આગામી ચૂંટણી પછી સત્તા ટકાવી રાખવા જેટલું સંખ્યાબળ રહેશે કે કેમ તે પ્રશ્ન છે. આટલી સીધી વાત મુલાયમસિંહ જેવા વરિષ્ઠ નેતા ન સમજી શકતા હોય તો તેમની માનસકન્યા સમી પ્રાદેશિક પાર્ટી માટે આટલું જ કહી શકાય : 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ'. ઉત્તરપ્રદેશમાં ભાજપની ઊજળી તકો માટે સપાની યાદવાસ્થળી ઉપરાંત સપા-બસપાનો વર્ષો જૂનો વેરભાવ પણ એટલો જ જવાબદાર હશે. બિહારમાં નીતીશ-લાલૂ વચ્ચે બાપે માર્યા વેર હોવા છતાં વ્યવૂહાત્મક ગઠબંધન રચાયું તો ભાજપને સત્તાથી દૂર રાખી શકાયું હતું. ઉત્તરપ્રદેશમાં આવું ગઠબંધન શક્ય જ નથી.

મોદીએ એમની વિશાળ જનસભામાં આ બેઉ પાર્ટીઓ ફક્ત નોટબંધીના મુદ્દે જ એકસરખી વાત કરતી હોવાનું જણાવી બેઉ પાસે

**તંત્રીસ્થાનેથી...**

અઢળક કાળાં નાણાં હતાં એવું સૂચવવાની કોશિશ કરી હતી. જો કે આ મુદ્દે પ્રજાને ભોળવવી અઘરું છું. પ્રજા તો 'કાગડા બધે જ કાળા' હોય એવી માન્યતા ધરાવે છે. પરંતુ વડાપ્રધાને આર્થિક ભ્રષ્ટાચારના મુદ્દે જ પ.બંગાળનાં લોકપ્રિય મુખ્યમંત્રી મમતા બેનરજી વિરુદ્ધ છેલ્લી કક્ષાનો જંગ છેડી દીધો છે. મમતા બેનરજીના પક્ષના સાંસદોની રોઝવેલી ચીટફંડ કૌભાંડ અન્વયે થયેલ ધરપકડ પછી પ્રજામાં કેવા પ્રત્યાઘાતો પડશે તે તો સમય જ કહેશે.

અગાઉ શારદા-ચીટ ફંડમાં ઘણા બધા તૃણમૂલ નેતાઓનાં નામ આવ્યા હોવા છતાં પશ્ચિમ બંગાળની પ્રજાએ ચૂંટણીમાં મમતા બેનરજીનો જ પાલવ પકડી રાખ્યો હતો. લોકો બધું જ જલદી ભૂલી જતા નથી એનું એક પ્રમાણ આ પણ હતું કે લોકસભાની ચૂંટણી વખતે એનડીએના વડાપ્રધાન પદના દાવેદાર તરીકે નરેન્દ્ર મોદીએ એમની પ્રચારસભાઓમાં દીદીના અને દાદાના અર્થાત્ - મમતા બેનરજી અને પ્રણવ મુખરજીનાં ખૂબ વખાણ કર્યા હતા અને પોતે વડાપ્રધાન બનશે તો દીદી અને દાદાના સાથસહકારથી બંગાળને રાષ્ટ્રીય સ્તરે કયારેક ન મળ્યું હોય એવું મોભાદાર સ્થાન સાંપડશે એવી હૈયાધારણ આપી હતી. એ જ દીદીને જળમૂળમાંથી ઉખેડી નાખવા માટે મોદીએ આકાશપાતાશ એક કર્યા છતાં પ્રજાએ એમનો જ પ.બંગાળની કમામન સોંપી ત્યારથી ચક્રવતી વડાપ્રધાને એમની પાછળ સીબીઆઈના ડાઘિયા છૂટા મૂકી દીધા છે.

સીબીઆઈ હંમેશા કેન્દ્રના ઈશારે જ વર્તતી ગુપ્તચર એજન્સી છે. મુલાયમ, માયાવતી અને મમતાને એનો પૂરેપૂરો અનુભવ છે. આ જ સીબીઆઈએ દખ્ખણમાં અમ્માની પણ દુર્દશા કરી હતી અને કરુણાનિધિના પરિવાર સામે કે લાલુ યાદવ સામે એ જ સીબીઆઈ મારફત લગામ કસવામાં આવેલી છે. હવે જોવાનું એ રહે છે કે ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ અને તમિલનાડુ જેવાં મોટાં રાજયો કે જયાં ભાજપ સામે પ્રાદેશિક મહારથીઓનો મોટો પડકાર છે, ત્યાં વડાપ્રધાન એમની પાસેનાં સત્તાવાહી સંસાધનો ઉપરાંત પોતાની ઈમેજના બળ પર કેવો દેખાવ કરી શકે છે.

# ગાજર : આટલું જાણવું જરૂરી છે

શિયાળામાં શાકભાજી પુષ્કળ પ્રમાણમાં અને સસ્તા મળે. સલાડ બનાવી ખાઈ શકાય એવા કોબી,કાકડી,ટામેટા,કેપ્સીકમ, મરચા, લીલું લસણ અને લીલી ડુંગળી તેમજ ગાજર અને બીટ તો જાણે પૂરબહારે ખીલ્યા હોય તેવું લાગે. શિયાળો આમેય હેલ્થને સુધારવાની સીઝન છે. જે લોકો હેલ્થને લઈને ખૂબ ઓછા જાગૃત હોય તેવા લોકો પણ શિયાળામાં વોકિંગ, કસરત, ચ્યવનપ્રાશ, અડદિયા, આમળા, વેજીટેબલ જ્યુસ, સલાડ આદિ ડાએટ અને લાઈફ સ્ટાઈલ અનુસરવા લાગે. આજે શિયાળના ડાએટનું એક અગત્યનું અંગ એટલે કે ગાજરની વાત કરીએ.



કંદમૂળ એવું ગાજર ખૂબ રસાળ, અને તેથી જ વેજીટેબલ જ્યુસનું મુખ્ય ઘટક. આપણને બધાને ગાજર વિષે થોડીઘણી અછડતી ખબર હશે પણ આજે તેના ગુણો વિષે થોડું વિગતે જાણીએ.

ગાજર બીટા કેરોટીનનો પ્રચૂર સ્ત્રોત છે. આ બીટા કેરોટીન આપણા લિવર દ્વારા વિટામિન-એ માં ફેરવાય છે. વિટામિન-એ આંખો માટે ખૂબ જરૂરી છે. રાત્રિ દરમિયાનના વિઝન માટે વિટામિન-એ જરૂરી છે. આ ઉપરાંત વિટામિન-એ આંખોને પોષણ આપે છે. મોતિયા કે એ પ્રકારની દ્રષ્ટિને લગતી બીજી તકલીફોને રોકવામાં વિટામિન-એ અગત્યનો ભાગ ભજવે છે. આ ઉપરાંત વિટામિન-એ ચામડી અને વાળ માટે પણ ખૂબ અગત્યનું છે. વિટામિન-એ ચામડી તથા વાળને સૂર્યપ્રકાશ સામે રક્ષણ આપે છે. તે ચામડીની સ્નિગ્ધતાને જાળવી રાખે છે. વિટામિન-એ ચામડી પરની કરચલીઓ, રૂક્ષતા, કાળાપણું, ખીલ, આદિને અટકાવવા અને ચામડીનો રંગ તથા સુંવાળપ જાળવવામાં મદદરૂપ છે. ગાજર એન્ટીઓક્સીડન્ટ પણ છે. ગાજર હૃદયને પોષણ આપે છે. અને દાંતો અને પેઢા માટે પણ ફાયદાકારક છે.




આ ઉપરાંત ગાજરમાં 'ફાલકેરિનોલ' નામનું એક નેચરલ પેસ્ટીસાઈડ રહેલું છે. આ તત્વ મારફત ગાજરનાં મૂળ ફૂગ અને બીજા જીવાણુંઓ સામે રક્ષણ મેળવે છે. આ જ તત્વ કેન્સર થતું અટકાવવા માટે મદદરૂપ છે. ઉંદરો પર થયેલા એક રિસર્ચમાં એવું જાણવા મળ્યુ છે કે જે ઉંદરો ગાજર ખાતા હોય છે તેને કેન્સર થવાનું જોખમ ૩૩ ટકા ઘટી જાય છે.

ગાજરમાં રહેલ વિટામિન-એ ફેટ સોલ્યુબલ છે. એટલે કે ચરબી દ્રાવ્ય છે. આથી ગાજરને જો ઘી, માખણ કે તેલ સાથે ખાવામાં આવે તો શરીર અને લોહી મારફત ગાજરમાંના વિટામિન-એ નું શોષણ ખૂબ વધારે અને ઝડપી રીતે થાય છે. (હળવો બાફેલો ગાજરનો હલવો ખૂબ અસરકારક નિવડે) શક્ય હોય ત્યાં સુધી ગાજરને તાજા જ ઉપયોગમાં લેવા હિતાવહ છે. ફ્રીઝમાં મુકતા ગાજરમાંના પોષક તત્વોનો નાશ થવાની શક્યતા હોય છે. ગાજરને બહુ ગરમ કરવા પણ હિતાવહ નથી. વધારે પડતા ઉષ્ણતામાનથી પણ ગાજરના પોષક તત્વો નાશ પામે છે.

- contact@atharvaayu.com

# ઓગણત્રીસમાં જ્ઞાનસત્રની આડીઅવળી વાતો : ૨

ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૯નું જ્ઞાનસત્ર બનાસકાંઠા જિલ્લાના વડાગામ તાલુકાના મગરવાડા ગામમાં તા. ૨૩ થી ૨૫મી ડિસેમ્બરના રોજ મળી ગયું. એની થોડીક વાતો આપણે ગયા લેખમાં કરી હતી. તેમાં મેં બાલમુકુંદ દવે અથવા વેણીભાઈ પુરોહિતનું કાવ્ય રજૂ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. પરંતુ તેમાં જ્ઞાનસત્રની વિવિધ વાતો કરવામાં વેણીભાઈ કે બાલમુકુંદભાઈનું કાવ્ય ઉતારવાનો કોઈ અવકાશ રહ્યો ન હતો. આથી આજે બીજી કોઈ ઈધરઉધરની ચર્ચા કરવાને બદલે સૌથી પ્રથમ જ બાલમુકુંદ દવેનું એક જાણીતું અને અનેકોનું માનીતું ગીત 'લાડકડી' આ સાથે મૂકી રહ્યો છું. જે આપ સૌને, ખાસ કરીને વ્હાલસોઈ દીકરીઓના પિતાને તે ખૂબ ગમશે.

***લાડકડી***

પીઠી ચોળી લાડકડી!, ચૂંદડી ઓઢી લાડકડી!
ચૂંદડીએ ધબકારા લાડકડી! - ને કરમાં કર સોંપ્યા લાડકડી!
મીઠી આવો લાડકડી! કેમ કહું જાઓ લાડકડી?
તું શાની સાપનો ભારો?
- તું તુલસીનો કયારો લાડકડી!
ચરકલડી ચાલી લાડકડી!
રહેશે ના ઝાલી લાડકડી!
આછેરી શીમળાની છાયા;
એવી તારી માયા લાડકડી!
સોડમાં લીધાં લાડકડી!
આંખ ભરી પીધાં લાડકડી!
હીબકાંને હૈયામાં રૂંધ્યા ને પારકાં કીધાં લાડકડી!

અત્યાર સુધી દીકરીઓને આપણે સાપનો ભારો ગણતા હતા. ઉમાશંકર જોષીએ તો સાપના ભારા નામનું નાટક પણ લખ્યું છે. એ આખી જુનીપુરાણી માન્યતાઓ બાલમુકુંદભાઈએ સમુળગી ભૂંસી નાખી દીકરીને 'તુલસીનો કયારો' બનાવી દીધી. કેટલી અદ્ભૂત કલ્પના છે! હરિકૃષ્ણભાઈ પાઠકે તેમના પ્રવચનમાં આ કવિની શબ્દશક્તિની અને એમાંય અવનવા સામાયિક શબ્દો ઉપજાવી કાઢવાની શક્તિની ઘણી વાતો કરી ઘણાયે કાવ્યોમાં કવિ એકનો એક શબ્દ બે વાર વાપરીને એક અનોખો લય ઊભો કરવાની આવડતની વાત પાઠક સાહેબે ઉદાહરણ સાથે રજૂ કરી. એમણે બંદો અને રાણી નામનું કાવ્ય રજૂ કર્યુ હતું.

સીમને સીમાડે તને જોયો મારા બંદા!
પ્રીતચિનગારી પહેલી જોઈજી જોઈજી.
એકલ બપોરે તને, જોઈ મારી રાણી!
અક્કલ પડીકી મેં તો ખોઈજી ખોઈજી.

પછી તો આખા કાવ્યમાં રોઈજી રોઈજી, લોઈજી લોઈજી, પ્રોઈજી પ્રોઈજી, દોઈજી દોઈજી, જોઈજી જોઈજી અને છેલ્લો સોઈજી સોઈજીના લયની રમઝટ જામે છે. તે માણવા માટે આપે કાવ્ય મેળવીને વાંચવું પડે. પ્રીતચિનગારી, એક્કલપડીકી, હેતભીની, વણબોલ્યા, ઉરધબકાર જેવા સામયિક શબ્દો આ કાવ્ય બાલમુકુંદ દવેનું હોવાની છાપ અંક્તિ કરે છે.

બાલમુકુંદ દવેના કાવ્યની વાત થતી હોય ત્યાં 'જૂનું ઘર ખાલી કરતાં' કાવ્યનો ઉલ્લેખ ના થાય એવું તો બને જ નહીં. પાઠક સાહેબે તેની ખુબ સુંદર છણાવટ કરી. આ કાવ્યના કારણરૂપ બનેલા દવેના પુત્ર અને પિતાના થોડાક સમયગાળામાં થયેલા અવસાનની પણ વક્તાએ ઘટના જણાવી. જૂનું ઘર ખાલી કરતી વેળા કવિ એક પછી એક ચીજવસ્તુઓ ફરી ફરી ફંફોસી લારીમાં મૂકે છે ત્યારે એમના નામનું પાટિયું કેમ ઊંધું મૂકે છે એની વાત પાઠક સાહેબે સરસ રીતે રજૂ કરી. છેલ્લી બે લીટીઓ જયારે વક્તા બોલતા હતા ત્યારે સભામંડપમાંથી પણ ઘણા સદસ્યો હળવા સાદે સૂર પૂરાવતા હતા.

ખૂંચી તીણી સજલ દ્દગમાં કાચી કેરી કણિકા!
ઉપાડેલા ડગ ઉપર શા લોહ કેરા મણીકા !

ગાંધીજીના મૃત્યુ ટાણે લખાયેલા કાવ્ય 'હરિનો હંસલો' ને પણ પાઠકસાહેબે યાદ કરાવ્યું. જેમ ખૂંપી તીણી સજલ દ્રગમાં કાચ કેરી કણિકા! પંક્તિમાં અપાર વેદના વ્યક્ત થઈ છે એવી જ કારમી વ્યથાનો કવિએ 'રૂધિરે રંગાયો હરિનો હંસલો' એવા સબ્દો રચીને આપણને અનુભવ કરાવ્યો છે.




કોણ રે દૂભ્યો ને કોણ વીંધિયો?
કલંકીએ કોણે કીધા ઘા?
કોણ રે અપરાધી માનવજાતનો?
જેને સૂઝી અવળી મત આ?
રૂધિરે રંગાયો હરિનો હંસલો?

હરિકૃષ્ણભાઈએ બાલમુકુંદ દવેનો સઘન અભ્યાસ કર્યો છે. એમણે વ્યકતવ્યમાં કેટલા બધા પ્રસંગો અને કવિતાનો ઉલ્લેખ કર્યો હતો? પણ તમારા ભાઈબંધને વિદ્યાર્થીકાળથી વ્યવસ્થિત નોંધપોથી બનાવનાવી બિલકુલ ટેવ નહીં, નહીંતર આ લેખ ઘણો સારો બની શકત. અરે મુસાફિર પાલનપુરીના કેટલાક શેર ટાંકી લીધા હોત તો એમના વિશેય આવો લેખ ઢસડી શકાયો હોત. ખરે, હવે ગયું તે ગયું! પરંતુ પાઠક સાહેબે 'અત્તરિયાને' કાવ્યની વિશદતાથી ચર્ચા કરી હતી. મનેય એ બહુ ગમે છે. એટલે અહીં ટપકાવ્યા વગર રહી શકતો નથી.

***અત્તરિયાને***

અત્તરિયા! અત્તરના સોદા ન કીજીએ,
અત્તરિયા! અત્તર તો એમને દીજીએ.
હાટડી પૂછીને કોક આવી ચડે તો એને
પૂમડું આલીને મંગ રીઝીએ;
દિલની દિલાવરીનો કરીએ વેપાર, ભલે
છોગાની ખોટ ખમી લીજીએ.
ઊભે બજાર લોક આવે હજાર, એની
ઝાઝી ના પડપૂછ કીજીએ;
આપણને વહોરવા આવે, એને તે એલા
ગંધને રે બંધ બાંધી લીજીએ.
આઘેથી પગલાંને પરખી લઈએ, ને એના
ઉરની આરતને પ્રીછીએ;
માછીડો ગલ નાખે છે જલ, એમ
નજરુંની ડૂબકી દીજીએ.
આછી આછી છાંટ જરી દઈએ છાંટીને એવો
ફાયો સવાયો કરી દીજીએ;
રૂંવે રૂંવે સૌરભની લેર્યું લહેરાય, એવાં
ઘટડામાં ઘેન ભરી દીજીએ.

- બાલમુકુંદ દવે

# નવી સાલ પૂછે જૂની સાલને કે, કહી તું શકે શા થશે હાલ મારા?

નવી સાલ પૂછે જૂની સાલને કે, કહી તું શકે શા થશે હાલ મારા?
ઝૂકીને જૂની સાલ કહેતી અદાથી, મને તો સુણાયે દોબારા દોબારા!

આપણા નગરોને હવે ''થર્ટી ફર્સ્ટ'' નો ચેપ લાગ્યો છે. નગરવાસીઓએ માદક ઉન્માદને ઝાકમઝાળ સાથે ઈસુના નવલા વર્ષને પોન્ખ્યું!

ઉજવણીના અલ્પજીવી આનંદ સાથે બધું જ પાછું રાબેતા મુજબ... વર્ષ બદલાય પ...ણ... વ્યક્તિ બદલાયો ખરો?! તારીખીયા પરથી રોજ ખરી પડતો એક દિવસ એ તો અક્ષુન્ન... અખંડ ને અનંત કાલખંડની માણસે કરેલી એકમાત્ર ગોઠવણ જ છે. બદલાતાં જતાં વર્ષો માણસને ઘડીભર વિચારવાની તક ઉભી કરી જાય છે. આખરે પર્વનો પ્રબોધ સમજાય તો ઉજવણી કરેલી લેખે લાગે... આમ તો મોટેભાગે જનસમૂહ ઘરેડબદ્ધ ગોઠવાયેલો જ જોવા મળે છે. દિન પ્રતિદિન માણસને ભોગ અને સ્વાર્થ સિવાય બધું ક્યાં કશું સ્પર્શે છે. બરછટ—બધીર માનવ્યને નાવીન્ય ક્યાંથી સૂઝે?! રોજ સૂરજ ઊગે ને આથમે એમ આયખું ઘસાતું જાય.... એમને મન નવું શું ને જુનું શું? બધું જ સરખું....

મિત્રો, ઈસુનું નવું વર્ષ હોય કે બદલાતી વિક્રમસંવત..... આખરે તો માનવ જાતને નૂતન થવાનું શીખવે છે. પેલા ''દુબારા—દુબારા'' —પણામાંથી બહાર નીકળી જરા જીવવાની ચાલ બદલીએ તો ખરા!! થોડાક નવા થવાનો પ્રયાસ કરી તો જુઓ... વાણી વ્યવહાર વર્તન બીજાનેય ગમે એવા ઉમદા ને ગમતા હોય એવી થોડી શુભ શરૂઆત આદરી તો જુઓ.... બદલાયેલુંયે ગમવા માંડશે... જીવવાનો કેફ વધશે... પસાર થયેલા વર્ષોના અનુભવો તપાસો.... એનું તટસ્થપણે મૂલ્યાંકન કરો... કઈક તારવો ને અપનાવો. યંત્રવત જીવવાનું આપણે જ પકડી રાખ્યું છે... પકડેલું ધીરે ધીરે કોઠે પડી જાય... મનને નવી ટેવ પાડો... ઉત્સાહવર્ધક વિચારોનું ઘેલું લગાડો... પછી જુઓ જગદગુરુ શ્રીકૃષ્ણનો ''દિને દિને નવં નવં'' — નો પ્રબોધ અવશ્ય સમજાશે...

પ્રત્યેક પર્વ કઈક કહેવા આવે છે... ઢંઢોળવા આવે છે પ...ણ... એ આપણને ક્યાં કદી સમજાયું છે?!! બસ દેખાદેખીથી પર્વો ઉજવીએ ખરા... પરંતુ ભીતરે ભીંજાતા નથી... ક્ષણિક ઉન્માદ —આનંદનો લ્હાવો લઈ પાછા મૂળ ઘરેડમાં ગોઠવાઈ જઈએ છીએ... થોડુક થોભીને વિચારીએ તો ઘણું બધું અવશ્ય સમજાય... પછી તો ઉકેલવાની આવડત આવી જાય...

મધરાતના બરાબર બારના ટકોરા પછીની પ્રથમ પળને વધાવવા હરખપદૂડા થયેલા લોકો કેક, કેન્ડલ ને કેરલ્સના મર્મને પામ્યા છે ખરા?!

કલાત્મક ''કેક'' બનાવતો અને ખાતો માણસ પોતાના જીવનને પણ આવું કલાત્મક બનાવે તો ! ''કેક'' મધુર — નરમ ને કલાત્મક જીવન બનાવવાનું સૂચવે છે. વિચાર, વાણી અને વર્તનમાં મધુરતા ભરો. પ્રેમની મીઠાશ છલકાવી દો. પ્રેમ એ તો દિવ્ય રસાયણ છે. પચાવતા આવડે તો જીવન ભવ્ય-રમ્ય અને ધન્ય ધન્ય બની જાય... 'તું તારા પાડોશીને પ્રેમ કર.' આ નાનકડું ઈસુ વાક્ય સઘળા કલેશોનું રામબાણ ઔષધ પૂરવાર થાય એમ છે. મૂરઝાતા માનવ્યના મૂળમાં પ્રેમનો અભાવ જ કારણભૂત છે. પ્રેમ એ તો પ્રાણવાયુ છે. મહોબત જ માનવને મહિમાવાન બનાવે છે. પ્રેમથી જ સમગ્ર સમાજ પુષ્ટ થાય છે. વ્યક્તિ અને સમષ્ટિ જીવંત રાખનાર તત્વ જ પ્રેમ છે. પ્રેમથી પરવારી ગયેલા પરિવારોએ ક્રિસમસના દિવસોમાં પોતાના જીવનબાગને પુનઃ પ્રેમવારિથી સીંચવો જોઈએ. પારકા — પોતિકા કે મારા-તારાના ખ્યાલો છોડી સ્નેહનો સેતુ રચો.

નાના અમથા — સાવ નજીવા નુકસાનથી રાતા-પીળા થનારાને ''જોઈ લેવા'' ના કોલ દેનારા અલ્પાત્માઓએ મહાત્મા ઈસુના જીવન સંદેશને સ્વસ્થ ચિત્તે સમજવો રહ્યો. વધસ્તંભ પર ચડાવનારાઓ પ્રત્યે પણ રહેમદિલ ઈસુ પ્રભુને પ્રાર્થના કરે કે, ''હે પ્રભુ! તું એમને માફ કરજે, કારણ કે તેઓ જાણતા નથી કે તેઓ શું કરી રહ્યા છે!'' ક્રોધ-કટુતા છોડી દરિયાદિલી દાખવવાનો મધુર સંદેશ નવા વર્ષે આત્મસાત કરીએ....




''કેન્ડલ'' મીણબત્તી પ્રકાશિત જીવન જીવવાની પ્રેરણા આપે છે. જાત જલાવીને પરને પ્રકાશિત કરનારી મીણબત્તી જ્ઞાનનિષ્ઠ જીવન જીવવા જણાવે છે. ભારતીય સંસ્કૃતિમાં દીપપૂજનનું અનેરું મહત્વ છે. જ્યોત હંમેશા ઉર્ધ્વગામી હોય... વીજળીથી અંજાઈ જવાય જ્યારે દીવડાનો મંદમંદ પ્રકાશ શાંતિનો અહેસાસ કરાવે. એક દીવડો અનેક દીવડા પેટાવી શકે. વર્ષનો અંધકાર ક્ષણમાં મિટાવી દે... જ્ઞાન જ પરમૌષધ છે જે જીવનના કલેશ — કષાય મીટાવે... આવાં ઉજ્જવળ જ્ઞાનની સાધના કરવા સંકલ્પબદ્ધ બનીએ.

દોસ્તો, ''જાગ્ય ત્યારથી સવાર'', કે ''ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણવા માંડીએ'' નવા વર્ષમાં નવા નવા સંકલ્પો કરવાનો રીવાજ આદિ અનાદિકાળથી ચાલ્યો આવે છે. સંકલ્પો ઉતાવળે લઈ નાખીએ છીએ ને એટલા ઝડપથી ભૂલાઈ પણ જાય છે... પણ એવું કઈક કરીએ કે જે આનંદ... સુખશાંતિ અને સ્વાસ્થ બક્ષે...

પ્રેમકલાનો બોધ બક્ષતી ''કેક'' એ તો કર્મયોગનું મહત્વ સમજાવે છે... તો જાત જલાવી જગ અજવાળતી ''કેન્ડલ'' જ્ઞાનબોધ સંભળાવે છે... — ને — નાતાલના ઉત્સાહભર્યા ''કેરલ્સ'' ગીતો ભક્તિમય જીવન ઉલ્લાસ વ્યક્ત કરે છે. આવો દિવ્ય સંદેશ હાથવગો થઈ જાય તો જીવન ભવ્ય — રમ્ય ને ધન્ય બને...!!

***સ્પર્શમણિ***

- **નવા વર્ષે તમારા દુર્ગુણો સામે જંગ માંડો. તમારા પાડોશીઓ સાથે શાંતિથી રહો અને દરેક નવા વર્ષમાં વધુને વધુ સારા માણસ તરીકે ઉભરી આવવા પ્રયાસ કરો.**

  **-બેન્જામીન ફ્રેન્કલીન**
- **તમારી સફળતા અને આનંદ તમારામાં છુપાયેલો છે. નવા વર્ષે આનંદ અને ખુશીઓને ટકાવી રાખવાનો સંકલ્પ કરો. તમારામાં એક અજેય બળ પેદા થશે, જે તમામ મુશ્કેલીઓને ધરાશાયી કરી દેશે.**

  **- હેલન કેલર**
- **નવા વર્ષના સ્વાગત સાથે એક કામ જરૂર કરો. તમારા હૃદયની દીવાલ પર લખી રાખો કે આ વર્ષનો દરેક દિવસ તમારા માટે શ્રેષ્ઠ દિવસ બની રહેશે.**

  **- રાલ્ફ વાલ્ડો ઇમર્સન**

**- Rasikvaland1965@gmail.com**